# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૫/૧૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# અર્થલક્ષી પ્રવૃત્તિ નહીં પણ અર્થસભર કાર્ય કરો

## ચેમ્બર દ્વારા 'શિક્ષણનો ઉદ્દેશ્ય : મનુષ્ય નિર્માણ' વિશે યોજાયેલા સેમિનારમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હર્ષદ શાહે સમાજોપયોગી માર્ગદર્શન આપ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ 'શિક્ષણનો ઉદ્દેશ્ય : મનુષ્ય નિર્માણ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હર્ષદ શાહ દ્વારા શિક્ષણ થકી મનુષ્ય નિર્માણનો ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે સમાજની ભૂમિકા કયા પ્રકારની હોવી જોઇએ તે દિશામાં મહત્વનું વકતવ્ય રજૂ કર્યુ હતું.

હર્ષદ શાહે જણાવ્યું હતું કે, સમાજનું ઉત્થાન કરવું હોય તો માત્ર અર્થલક્ષી પ્રવૃત્તિ નહી પણ તેની સાથે અર્થસભર કાર્ય પણ કરવું જોઇએ. તેમણે કહયું હતું કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગર્ભસ્થ શિશુથી લઇને ૧૮ વર્ષ સુધીના યુવાઓના સર્વાંગી વિકાસ માટે કામ કરે છે. તેમનો શારીરિક, માનસિક, બૌદ્ધીક, આધ્યાત્મિક અને ભાવનાત્મક વિકાસ થાય તે દિશામાં કાર્ય કરવામાં આવે છે. બાળકને તેના જન્મ પહેલાંથી જ કેવી રીતે જ્ઞાન આપી શકાય તે દિશામાં મહત્વનું કાર્ય કરવામાં આવે છે, જેથી કરીને સમાજનો વિકાસ થઇ શકે.

તેમણે વધુમાં કહયું હતું કે, સમાજ માટે પ્રત્યેક બાળક મહત્વનું છે. ભારતની ભુમિ ઉપર રહેનાર પ્રત્યેક નાગરિક દેશ માટે વિચારે એ જરૂરી છે. આથી ગુજરાતની એકમાત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ માત્ર ભારતમાં જ નહી પણ વૈશ્વિક તબકકે કાર્યક્ષેત્ર વધાર્યુ છે. સમાજના ઉપયોગ માટે બાળકના સર્વાંગી વિકાસ હેતુ જ્ઞાનને

પ્રવાહિત અને પ્રસારીત કરવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તપોવન શરૂ કરવામાં આવ્યા છે. બાળકોમાં શૌર્ય, પરાક્રમ, વિનય અને વિનમ્રતા આવે તે માટે જિલ્લા કક્ષાએ તપોવન શરૂ કરાયા છે. સુરતમાં છ જગ્યાએ તપોવન શરૂ કરવામાં આવ્યા છે. આ તપોવનમાં બાળકને ગર્ભસ્થ સ્વરૂપથી જ જ્ઞાન મળી રહે તે માટે સગર્ભાઓને વિવિધ પુસ્તકો થકી અતિ ભાષા, ગણિત, વિજ્ઞાન, વૈદીક ગણિત, અભિનય ગીત અને ભજન સાથે જોડવાની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

આ સેમિનારમાં ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમનો હેતુ અને ધ્યેય વિશે વાત કરી હતી. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. સંજય ડુંગરાણીએ સેમિનારનું સંચાલન કર્યું હતું. અંતે માનદ્ ખજાનચી મનિષ કાપડીયાએ સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.